Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં.એસજીજીયુ/વહીવટ/૨૦૨૧/૬૮૨૫ તા.૨૧/૦૮/૨૦૨૧

પરિપત્ર- ૨૪૯૫

વિષય: રોજગાર સેવાઓમાં નામ નોંધણી કરાવવા બાબત.

સંદર્ભ: જીલ્લા રોજગાર કચેરી, ગોધરાનો તા.૦૯/૦૮/૨૦૨૧નો પત્ર ક્રમાંક:રોકગો/નામનોંધણી/૨૨૨૨/૨૦૨૧.

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન પંચમહાલ જીલ્લાની કોલેજો/પી.જી. કેન્દ્રોના આચાર્યશ્રીઓ/ઇન્ચાર્જશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા લોન્ચ કરવામાં આવેલ "અનુબંધન પોર્ટલ" પર આપની કોલેજ/કેન્દ્રમાં પાછલા પાંચ વર્ષમાં અભ્યાસ પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓ અને હાલ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન, ભરતી મેળા વગેરે રોજગારલક્ષી માહિતી મળે તે માટે નીચે જણાવેલ લીંક પર રજીસ્ટ્રેશન કરવા પ્રોત્સાહિત કરવા જરૂરી કાર્યવાહી કરવી અને સંસ્થા/કેન્દ્ર/કોલેજ નોટિસ બોર્ડ પર અનુબંધમ પોર્ટલ અંગેની માહિત મુકવી. વધુમાં આપની કોલેજકક્ષાએથી વિદ્યાર્થીઓની માહિતી જીલ્લા રોજગાર કચેરી, ગોધરા ખાતે સંદર્ભ દર્શિત પત્રમાં જણાવેલ ઈ-મેઈલ આઈડી પર મોકલી આપવા વિનંતી.

લીંક એડ્રેસ:- https://anubandham.gujarat.gov.in

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
ગોધરા

બિડાણ- ઉપર મુજબ.

પ્રતિ,

- યુનિવર્સિટી સંલગ્ન પંચમહાલ જીલ્લાની કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ સારૂં.

નિયામકશ્રી,રોજગાર અને તાલીમ,ગાંધીનગર સંચાલિત,
# જિલ્લા રોજગાર કચેરી,ગોધરા
બહુમાળી ભવન ભોંયતળીએ,કલેકટર કચેરી કંપાઉન્ડ, ગોધરા,જિ.પંચમહાલ.પિન.૩૮૯ ૦૦૧
Web site :www.employment.gujarat.gov.in email :dee-pan@gujarat.gov.in
ફોન : (૦૨૬૭૨) ૨૪૧૪૦૫. કોલ સેન્ટર નંબર :-૬૩૫૭૩૯૦૩૯૩૦.

ક્રમાંક/રોક્ગો/નામનોધણી/૨૨૨૨/૨૦૨૧ તા.૦૯/૦૮/૨૦૨૧.

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ શાળા/આઈ.ટી.આઈ/કોલેજ.
જી,પંચમહાલ.

વિષય:- રોજગાર સેવાઓમાં નામ નોધણી માટે આપેલ એક્સેલ ફાઈલમાં વિગત આપવા અથવા ઉમેદવારોને જાતે નોધણી કરાવવા બાબત. .

સંદર્ભ:- તા.૦૬/૦૮/૨૦૨૧ ના રોજ માન.મુખ્યમંત્રી દ્વારા લોન્ચ થયેલ અનુબંધન પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવા બાબત.

શ્રીમાન.

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે જીલ્લા રોજગાર કચેરી ગોધરા દ્વારા કચેરી ખાતે રજીસ્ટ્રેશન,ભરતીમેળા,કારકિર્દી માર્ગદર્શન, સરક્ષણ ક્ષેત્રે યુવાનો કારકિર્દી બનાવી શકે તે માટે તાલીમ વર્ગનું આયોજન, સ્વરોજગાર શિબિર જેવી રોજગાર સેવાઓ આપવામાં આવે છે આ સેવાઓનો લાભ આપના પંચમહાલ જીલ્લાના યુવાનોને મળી રહે તે માટે આપની સંસ્થા ખાતે અભ્યાસ કરેલ પાછલા ૫ વર્ષના ભૂતપૂર્વ વિધાર્થીઓ અને ચાલુ અભ્યાસ કરતા વિધાર્થીઓની માહિતી નીચે આપેલ ફોરમેટમાં અમારા કચેરીના ઈમેલ એડ્રેસ dee-pan@gujarat.gov.in પર મોકલવા વિનંતી અથવા આપેલ લીંક ઉમેદવારોને જાતે રજીસ્ટ્રેશન કરાવવા તથા હેલ્પ ડેસ્ક/પ્લેસમેન્ટ ઓફિસર મારફતે નોધણી કરાવવા વિનંતી.

લીંક એડ્રેસ :- https://anubandham.gujarat.gov.in

આપનો વિશ્વાસુ,

(એ.એલ.ચૌહાણ)
રોજગાર અધિકારી(જનરલ)
ગોધરા.

નકલ સવિનય રવાના:- (૧) માન.રજીસ્ટારશ્રી,શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સીટી,ગોધરા.
(૨) માન.જીલ્લા શિક્ષણાઅધિકારીશ્રી, જીલ્લા શિક્ષણાઅધિકારી કચેરી, ગોધરા.
(૩) માન.આચાર્યશ્રી સરકારી ઈજનેરી કોલેજ પંચમહાલ.
(૪) માન.આચાર્યશ્રી સરકારી પોલીટેકનીક કોલેજ પંચમહાલ.
(૫) માન.આચાર્યશ્રી નોડલ આઈ.ટી.આઈ. ગોધરા.